©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, OCTOBER 2, 2025 / ASVINA 10, 1947 [No. 40

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨૮મી મે, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીજી/૮૨/૨૦૨૫/એચજીડી/૧૦૯૯/૮૭૭/એફ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Junior Staff Officer (Administration), Class II, in the Home Guards Organisation, Recruitment Rules, 2025

ગૃહ રક્ષક દળ (હોમ ગાર્ડ ઓર્ગેનાઈઝેશન)માં, જુનિયર સ્ટાફ અધિકારી (વહીવટ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી મે, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીજી/૮૨/૨૦૨૫/એચજીડી/૧૦૯૯/૮૭૭/એફ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગૃહ રક્ષક દળ (હોમ ગાર્ડ ઓર્ગેનાઈઝેશન), ગુજરાત રાજ્યની સામાન્ય રાજ્ય સેવામાં, જુનિયર સ્ટાફ અધિકારી (વહીવટ), વર્ગ ૨-ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગૃહ રક્ષક દળ (હોમ ગાર્ડ ઓર્ગેનાઈઝેશન)માં, જુનિયર સ્ટાફ અધિકારી (વહીવટ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગૃહ રક્ષક દળ (હોમ ગાર્ડ ઓર્ગેનાઈઝેશન), ગુજરાત રાજ્ય-માં, જુનિયર સ્ટાફ અધિકારી (વહીવટ), વર્ગ ૨-ની જગા પરની નિમણૂક, જેણે-

(ક) (૧) ગૃહ રક્ષક દળ (હોમ ગાર્ડ ઓર્ગેનાઈઝેશન), ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય;

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, 'સારા'નો આધારચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે; તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨-માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૮ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારની તરફેણમાં અને મહિલા ઉમેદવારોની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(ગ) (૧) ગૃહ રક્ષક દળ (હોમ ગાર્ડ ઓર્ગેનાઈઝેશન)ની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) ગૃહ રક્ષક દળ (હોમ ગાર્ડ ઓર્ગેનાઈઝેશન)ની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો સરકાર/ સ્થાનિક મંડળો/ સરકારી અન્ડરટેકિંગ/ બોર્ડ/ કોર્પોરેશન/ કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થાપવામાં આવેલી લિમિટેડ કંપની/ યુનિવર્સિટી/રજિસ્ટર થયેલી બિન-સરકારી સંસ્થામાં વહીવટી કાર્યના ક્ષેત્રમાં આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે.

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મયુરસિંહ વાઘેલા,

સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૧૯/૦૮/૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીજી/૧૨૩/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૪૦. નો ગુજરાતી અનુવાદ ગુજરાત ગેઝેટ (રાજપત્ર) સાધારણ, ભાગ-૯માં આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક: જીજી/૧૨૩/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૪૦:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક: ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં દર્શાવેલ GETCO (ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ)ના ૬૬ કેવી થાંભલા (સજવા) સબ-સ્ટેશન, તાલુકો: જેતપુર પાવી, જિલ્લો: છોટા ઉદેપુર-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદોનું વર્ણન.

ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને વિસ્તાર	પ્રતિબંધિત વિસ્તારની હદો
ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ ૬૬ કેવી થાંભલા (સજવા) સબ-સ્ટેશન	ગામ: થાંભલા (સજવા) તાલુકો: જેતપુર પાવી જિલ્લો: છોટા ઉદેપુર	૮૪ કુલ વિસ્તાર: ૪૯૦૦ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર: ૪૯૦૦ ચોરસ મીટર	પૂર્વે: સરવે નંબર: ૮૪-ની સરકારી ખરાબાની જમીન અને પછી, કરજવાંટ ગામ તરફનો રસ્તો પશ્ચિમે: સરવે નંબર: ૮૪-ની સરકારી ખરાબાની જમીન ઉત્તરે: સરવે નંબર: ૮૪-ની સરકારી ખરાબાની જમીન દક્ષિણે: સરવે નંબર: ૮૪-ની સરકારી ખરાબાની જમીન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.07 15:14:33 IST